**રાજ્યમાં નેશનલ લો યુનિવર્સિટી દ્વારા અમલીત વકીલાતના અભ્યાસક્રમ હેઠળ ફેલોશીપ પ્રોગ્રામ હેઠળ સહાય મંજૂર કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-એસસીડબ્લ્યુ/૧૦૨૦૧૩/ન.બા.૫૯/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૭/૦૮/૨૦૧૪

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તારીખઃ-30/૧૨/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ- અજાક/છ-૫/૨૦૧૩/૭૯૫૨-૫૪

(૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો તા.૧૧/૧૨/૨૦૧૩નો પત્રક્રમાંકઃ ગુસકાવિનિ/મકમ/ન.બા./૨૦૧૩-૧૪/૨૨૨૩૩-૨૩૫

ઠરાવઃ-

ગુજરાત રાજ્યમાં નેશનલ લો યુનિવર્સિટી દ્વારા વકીલાતના અભ્યાસક્રમ હેઠળ ફેલોશીપ પ્રોગ્રામ કાર્યરત છે. જેના માટે નેશનલ લો યુનિવર્સિટીના ચાન્સેલર દ્વારા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ત્રણ(૩) વિદ્યાર્થીઓ સ્પોન્સર કરવા દરખાસ્ત કરેલ છે. પ્રસ્તત ફેલોશીપ દ્વારા રાજ્યમાં મેન્યુઅલ સ્કેવેન્જર્સની પરિસ્થિતિ, અસ્વચ્છ શૌચાલયો, સફાઈ કામદારોને સલામતી અને સુરક્ષા, તેઓના પુનઃવસવાટ અને પુનઃસ્થાપન પરત્વે કાયદાકીય જોગવાઈઓ, વિવિધ કોર્ટ દ્વારા આ બાબતમાં આપવામાં આવેલ ચુકાદાઓ વગેરે બાબતોએ અભ્યાસ અને સંશોધન કરી તથા જરૂર જણાયે વર્કશોપના આયોજન વગેરે કરી અહેવાલો સુપ્રત કરવા સદરહુ અહેવાલોના અભ્યાસ અને તારણ મેન્યુઅલ સ્કેવેન્જર્સ માટે રાજ્યની વિવિધ યોજનાઓના ઘડતર અને મૂલ્યાંકન વગેરે બાબતોએ ખૂબ ઉપયોગી થાય તે માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૫.૦૦ લાખ લેખે ત્રણ(૩) વિદ્યાર્થીઓ માટે પ્રસ્તુત નેશનલ લો યુનિવર્સિટી દ્વારા અમલીત વકીલાતના અભ્યાસક્રમ હેઠળ ફેલોશીપ પ્રોગ્રામ હેઠળ સહાય મંજૂર કરવા માટે વર્ષ ૨૦૧૪-૧૫માં નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં નેશનલ લો યુનિવર્સિટી દ્વારા અમલીત વકીલાતના અભ્યાસક્રમ હેઠળ ફેલોશીપ પ્રોગ્રામ હેઠળ વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ.૫.૦૦ લાખ લેખે ત્રણ(૩) વિદ્યાર્થીઓ માટે રૂ.૧૫.૦૦ લાખ (પંદર લાખ)ની વર્ષ ૨૦૧૪-૧૫માં નવી બાબતને નીચેની શરતોની આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્તે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થયો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી ક્રમાંક ૯૫-અનુસૂચિત જાતિ પેટાયોજના, મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ , પેટા મુખ્ય સદર-૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,પેટા સદર-બીસીકે-૭૫. પૂજ્ય ઠક્કરબાપા સફાઈ કામદાર પુનઃસ્થાપન યોજના, રાજ્યમાં નેશનલ લો યુનિવર્સિટી દ્વારા વકીલાતના અભ્યાસક્રમ હેઠળ ફેલોશીપ પ્રોગ્રામ હેઠળ સહાય મંજૂર કરવા બાબત સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૧/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિપલ હડીયલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીની નાયબ સચિવશ્રી
- માનમંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,,ગાંધીનગર
- બજેટ શાખા(સા.ન્યા.) - પસંદગી ફાઈલ.